જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૭/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૨૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૭ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૨,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૨૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૨૭/૧૭

**નિકોલઃ** ભરતકુમાર પિથાલી માલી (ઉ.વ.૩૫) (રહે. મનમોહન પાર્ક સોસાયટી પુજન બંગ્લોઝ સામે વિરાટનગર રોડ ઓઢવ) એ તા.૧૧/૭/૧૭ નારોજ **નિકોલ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૬/૧૭ કલાક ૨/૪૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન નિકોલ રાજહંશ સિનેમાની બાજુમા પુજન કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની શ્રીજી મોબાઇલ ગેલેક્ષી નામની દુકાનના શટરની ક્લીપો કાઢી શટર ઉંચુ કરી (૧૮ થી ૨૦ વર્ષના આશરાનો) અજાણ્યો છોકરો દુકાનમાંથી અલગ અલગ કંપનીના અલગ અલગ મોડલના મોબાઇલ ફોન નંગ-૪૦, પેન ડ્રાઇવ નંગ-૬ તથા ઇયર ફોન નંગ-૭ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૨૮/૧૭

**રખિયાલઃ** દિપકકુમાર અમ્રુતલાલ મોદી (રહે.લાલદાસ રાયજી સોસાયટી રેલ્વે ક્રોસીંગ પાસે શાહીબાગ) તા.૮/૭/૧૭ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે રખિયાલ ચકુડીયા મહાદેવ રોડ મ્યુનીસીપલ બગીચાની સામે પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા પુરૂષોએ એક્સીડન્ટ થયો છે તેમ કહી દિપકકુમાર સાથે બોલાચાલી કરી દિપકકુમારની કાર ઉભી રખાવી દિપકકુમારની નજર ચુકવી ગાડીમાંથી રોકડ રૂપિયા૭૧,૦૦૦/- અને જરૂરી દસ્તાવેઝની ચોરી કરી લઈ જતા રહ્યા હતા. આ અંગેની ફરીયાદ દિપકકુમાર મોદીએ તા.૧૧/૭/૧૭ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.દેવધા ચલાવે છે.

વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૨૯/૧૭

**નરોડાઃ** બંસીભાઇ વજાભાઇ મીણા (રહે.કરાઇ તા.જી.ગાધીનગર) એ તા.૧૦/૭/૧૭ કલાક ૨/૦૦ વાગે નાના ચિલોડા કરાઇ પાટીયા નજીક આઈવા ટ્રક નંબર જીજે ૧૮ એએક્સ ૯૯૦૩ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી.જેની ચોરી કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ બંસીભાઈ મીણાએ **નરોડા** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૩૦/૧૭

**માધવપુરાઃ** મુકેશભાઇ મગનભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે.કોલાબાના છાપરા સીટીસેન્ટર પ્રેમ દરવાજા ઇદગાહ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૧/૭/૧૭ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ ભીખુભા ચલાવે છે.

**કાગડાપીઠઃ** મુકેશકુમાર ઉર્ફે મુકુલ હિમતભાઈ વાઘેલા(ઉ.વ.૩૨) (રહે. મજુરગામ હાઉસિંગ સોસાયટી મજુરગામ) એ સરકારી નોકરી નહી મળતા મનમાં લાગી આવતા તા૧૧/૭/૧૭ સવારના ૯/૩૦ થી ૧૦/૪૦ વાગ્યા દરમ્યાન પારસી અગીયારી નજીક લાઈબ્રેરીના પહેલા માળે રીડીંગ રૂમમા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બાલાજી હિરાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.